# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-05 -2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## વેવ્ઝ-2025નું સમાપન:

મુંબઈમાં યોજાયેલા વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નું આજે સમાપન થઈ રહ્યું છે. આજે અંતિમ દિવસે ફિલ્મ નિર્માણ પર કેટલાક સત્ર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાઈ રહ્યા છે.

'કનેક્ટિંગ ક્રિએટર્સ, કનેક્ટિંગ કન્ટ્રીઝ' વિષયવસ્તુ સાથે યોજાયેલું આ શિખર સંમેલન ભારતને મીડિયા, મનોરંજન અને ડિજિટલ નવિનતા માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાનો એક પ્રયાસ હતો. આ આયોજનમાં 90થી વધુ દેશના 10 હજારથી વધુ પ્રતિનિધિ જોડાયા હતા.

---------------------------------------------------------------------------------------------

## નીટ-પરીક્ષા:

મેડિકલમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા એટલે કે, નીટ-ની પરીક્ષા આજે કચ્છ સહિત સમગ્ર દેશમાં યોજાઇ હતી. અંદાજે એક લાખ બેઠક પર પ્રવેશ માટે યોજાયેલી આ પરીક્ષા રાજ્યના 75 હજારથી વધુ પરીક્ષાર્થીઓ જ્યારે દેશભરમાંથી 24 લાખથી વધુ પરીક્ષાર્થીઓએ આપી હતી.

કચ્છમાં ભુજ અને ગાંધીધામ ખાતેના કુલ ચાર કેન્દ્રો ખાતે નીટ-ની પરિક્ષા યોજાઈ હતી. જિલ્લા વહીવટીતંત્ર, શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગના સંયુક્ત પ્રયાસોથી પરીક્ષા શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. વિદ્યાર્થીઓ સારા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જરૂરી પગલાં લેવાયા હતા. જિલ્લા શિક્ષણ અધિકારી સંજય પરમારે આકાશવાણીને જણાવ્યું કે, આ

**પરિક્ષા માટે કચ્છમાં 1424 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી 1397 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.**

**(બાઈટ- જિલ્લા શિક્ષણ અધિકારી- સંજય પરમાર)**

**-------------------------------------------------------------------------------------------**

## હવામાન-:

**હવામાન વિભાગની આગાહીને પગલે રાજ્યના અનેક જિલ્લામાં આજે માવઠું થયું હતું. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, વડગામ, દાંતીવાડા સહિત વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. જ્યારે ધાનેરા વિસ્તારમાં કરા પડ્યા હતા. બીજી તરફ દેવભૂમિ દ્વારકામાં પણ વાતાવરણમાં પલટો આવતા વાદળછાયું વાતાવરણ છવાયું હતું. સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી, લીંબડી અને લખતર પંથકમાં વરસાદી ઝાપટા પડ્યા હતા.**

**દરમ્યાન, કચ્છમાં પણ આજે સવારથી** વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. આજે અને આવતીકાલે કેટલાક સ્થળે તોફાની પવન સાથે કરા પડવાની સંભાવના છે. આજે સવારથી જીલ્લાના વિવિધ વિસ્તારોમાં ધૂળની ડમરીઓ સાથે વંટોળની સ્થિતિ સર્જાઈ હતી.

**-------------------------------------------------------------------------------------------**

## પ્રવેશ ફોર્મ:

રાજ્યમાં ધો.12 પછી કોલેજો અને ભવનોમાં પ્રવેશ માટેની પ્રક્રિયા કોમન બનાવાઈ છે ત્યારે સોશિયલ મીડિયાની મદદ લઈ વ્યાપક પ્રચાર સાથે કોલેજો અને ભવનોમાં ફોર્મ ભરવા માટે નિઃશુલ્ક હેલ્પ ડેસ્ક ઉભા કરવામાં આવશે.

કચ્છની તમામ કૉલેજો અને યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં ધો.12ના પરિણામ પછી હેલ્પ ડેસ્ક ઉભા કરવામાં આવશે જ્યાં વિદ્યાર્થીઓના GCASમાં પ્રવેશ માટેના ફોર્મ શૈક્ષણિક સ્ટાફ દ્વારા નિશુલ્ક ભરી આપવામાં આવશે.

**-------------------------------------------------------------------------------------------**

## પોસ્ટ ખાતાની નાની બચતોમાં રોકાણ.:

કચ્છમાં પોસ્ટ ખાતાંની નાની બચતોમાં 2024-2૫નાં નાણાંકીય વર્ષ દરમ્યાન અલગ-અલગ યોજનાઓમાં કુલ 1,22,340 ખાતાં ખુલ્યાં છે અને ૫,739 કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હોવાની વિગતો પ્રાપ્ત થઇ છે. જોકે, ગત નાણાંકીય વર્ષની તુલનાએ નવાં રોકાણોમાં લગભગ ૫૫0 કરોડ રૂપિયા જેટલો ઘટાડો નોંધાયો છે જયારે, 3,182 ખાતા વધ્યા છે. આજે પણ લોકો, ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો થોડા વધુ વ્યાજ અને સુરક્ષિત રોકાણને લઈને પોસ્ટની બચત યોજનાઓમાં નાણાં રોકે છે.

---------------------------------------------------------------------------------------------

## રૂકનશાપીરનો મેળો:

માંડવી તાલુકાના તલવાણા ખાતે કોમી એક્તાના પ્રતીક રૂકનશાપીરનો મેળાનો આજે સાંજથી પ્રારંભ થઇ રહ્યો છે. આજે સાંસ્કૃતિક કાર્યક્રમો બાદ આવતીકાલે સોમવારે બખ મલાખડાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કચ્છભરમાંથી મલ્લીઓ ભાગ લેશે.

---------------------------------------------------------------------------------------------

## ભુજ-નગર પાલિકા:

ભુજ શહેરમા સુધરાઈ દ્વારા રઝળતા ઢોરોને રઝળતા ઢોરોને પકડીને નજીકના પાંજરાપોળમાં મૂકવાની કામગીરી શરુ કરાઈ છે. છેલ્લા ૨૩ દિવસમાં ૧૪૭ જટેલા ઢોરને પકડી પાંજરાપોળમાં મુકાયા હોવાની માહિતી મળી છે.

---------------------------------------------------------------------------------------------